25-2-2015 કોચરબ આશ્રમ


# ગુજરાત માહિતી બ્યુરો

ગુજરાત સરકાર, અમદાવાદ

**૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૫** **સમાચાર સંખ્યા નં. ૧૬૦**

આ પ્રેસનોટ www.gujaratinformation.net વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ છે


## ખાદી ગાંધી વિચારની રચનાત્મક ગરિમા છે - રાજ્યપાલ શ્રી ડૉ. ઓમપ્રકાશ કોહલી

.......

## કોચરબ આશ્રમ ખાતે 'ખાદીગ્રામોદ્યોગ ક્ષેત્રે ગુજરાત' પુસ્તકનું લોકાપર્ણ

.......

અમદાવાદ: બુધવાર : પૂજ્ય ગાંધીજીએ ૧૯૧૫માં ખાદીગ્રામોદ્યોગ પ્રવૃત્તિ જ્યાંથી પ્રારંભ કરી હતી તે અમદાવાદ કોચરબ ગાંધી આશ્રમ ખાતે રાજ્યપાલશ્રી ડૉ. ઓમપ્રકાશ કોહલીના વરદ્હસ્તે 'ખાદીગ્રામોદ્યોગ ક્ષેત્રે ગુજરાત' પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

યંગ મેન્સ ગાંધીઅન એસોસીએશન, રાજકોટ અને ગુજરાત રાજ્ય ખાદીગ્રામોદ્યોગ સંસ્થા અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા લોકાર્પણ સમારોહમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ખાદી ગાંધી વિચારની રચનાત્મક ગરિમા છે. ખાદી માત્ર કાપડ, વિચાર, દર્શન અને આર્થિક ઉન્નતિનું સાધન જ નહિં પરંતુ માનસિક અને આર્થિક આઝાદીનું પ્રતિક પણ છે. ગાંધીજીએ ખાદીને ગ્રામોત્થાન અને ગ્રામજનોની આત્મનિર્ભરતાનું સાધન માનેલુ. ખાદી તેમના સમયનું રામબાણ હતું જે સ્વરાજ્યની લડાઇમાં આર્થિક આંદોલનનું હથિયાર પણ હતું.

વિકેન્દ્રીકરણના હિમાયતી એવા પૂ. ગાંધીજીના આદર્શો અને મૂલ્યો વર્તમાન સમયમાં વિચારમંથન કરવા પ્રેરે છે ત્યારે તેમના વિચારો અને સિધ્ધાંતોમાં નિષ્ઠા રાખનારા લોકો હકારાત્મક આશાવાદ જગાવી રાખે છે. માનસિક અને આર્થિક આઝાદીને મહત્વ આપનારા ગાંધી વિચારોમાં આજે આધુનીકરણ અપનાવનારા લોકો વચ્ચે ગાંધીવાદી અને ગાંધીનીતિ માનનારા માટે તેમજ ખાદી વિશે અત થી ઇતિ સુધીની સંપૂર્ણ માહિતી માટે આ પુસ્તક સંદર્ભ ગ્રંથ અને મહત્વપૂર્ણ દસ્તાવેજ બનશે એમ રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું.

યંગ મેન્સ ગાંધીઅન એસોસીએશનના મેનેજીંગ ટ્રસ્ટી બળવંત દેસાઇએ ખાદી વણાટ પ્રવૃત્તિને વેગ આપવા તેના પ્રારંભ, પ્રગતિ અને પ્રભાવને પુસ્તકમાં સમાવાયા છે તે જણાવ્યું હતું.

પુસ્તકના સંપાદકશ્રી હિંમતભાઇ ઘોડાએ પુસ્તક પરિચય આપતા તેમાં ૧૩૬ જેટલી ખાદી સંસ્થાઓની જિલ્લાવાર માહિતી તેમજ ખાદીવાદીઓના વૃતાંતો તેમજ આંકડાકીય માહિતીસભર વિગતો સમાવતો ગ્રંથ બહુવિધ ઉપયોગી છે તેમ જણાવ્યું હતું.

ખાદી અને ગ્રામોદ્યોગના પૂર્વ અધ્યક્ષ શ્રી દેવેન્દ્રભાઇ દેસાઇએ ગાંધીજીની ખાદીનું સમયાંતર મહત્વ અને ઉપાયોગીતાના વિચારોને રજૂ કર્યા હતા. ગુજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી રાજેન્દ્રભાઇ ખીમાણીએ કોચરબ આશ્રમની પ્રવૃત્તિ અને મહત્વ વિશે સૌને માહિતગાર કર્યા હતા. ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા ના પ્રમુખ શ્રી મનુભાઇ મહેતાએ ખાદી અને ગાંધી ભક્તોના ખાદી પ્રેમ, બુનિયાદી શિક્ષણની હિમાયતને રજૂ કર્યા હતા.

આ પ્રસંગે રાજ્યપાલશ્રી દ્વારા ખાદીગ્રામોદ્યોગ સંસ્થાના મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. પુસ્તકના સંપાદકશ્રી અજયભાઇ દોશીએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે અગ્રણી ગાંધીવાદીઓ, ગાંધી અને ખાદીપ્રેમીઓ, ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ, સુજ્ઞનગરજનો અને સમાજઅગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હેમલત્તા પારેખ

................